





# શું આવ્યાં લાઈફ સ્ટાઈલમાં પરિવર્તન?

## ગોલ્ડ, પેટ્રોલ, ડીઝલ, વિદેશ પ્રવાસ નિયંત્રણ

**હમણાં થોડા દિવસ પહેલાં જ આપણે પેટ્રોલ પંપો પર વાહનોમાં પેટ્રોલ- ડીઝલ ભરાવવા ચાલકોની લાંબી લાઈનો જોઈ હતી. આ સ્થિતિ આપણા દેશમાં જ નહીં વૈશ્વિક સ્તરે જોવા મળી રહી છે. અત્યારે દેશવાસીઓને પેટ્રોલ- ડીઝલનો ઉપયોગ સમજીવિચારીને કરવા માટે અપીલ કરાઈ છે કારણ કે ક્રૂડ ઓઈલ આયાત કરવું પડે છે અને તેની પાછળ દેશની મોટી ધનરાશિ ખર્ચ થઈ રહી છે. વૈશ્વિક તણાવ વચ્ચે એક વર્ષ સુધી ગોલ્ડ નહીં ખરીદવા અને વિદેશી મુદ્રા બચાવવા બિનજરૂરી વિદેશ પ્રવાસ નહીં કરવા પણ અનુરોધ કરાયો છે. કુકિંગ ઓઈલનો ઉપયોગ પણ ઓછો કરવા કહેવામાં આવ્યું છે. આવી સ્થિતિમાં સુરતના લોકોની લાઈફસ્ટાઈલમાં ચેન્જિસ દેખાઈ રહ્યાં છે? આપણે ત્યાં સરકારી વિભાગોના અધિકારીઓ એક વાહનમાં એકથી વધારે અધિકારી ઓફિસ આવનજાવન કરી રહ્યા છે. આ તો અધિકારીઓની વાતો છે પણ આમ જનતા દેશજોગના અનુરોધ પછી શું કુકિંગ ઓઈલનો ઉપયોગ ઘટાડી રહી છે, શું લોકોએ ગોલ્ડ ખરીદવા, વિદેશ પ્રવાસ જવાના પ્લાન કેન્સલ કર્યા છે, રાંધણગેસ બચાવવા સુરતીઓ તેમના ફૂડ મેનુમાં શું ચેન્જીસ કરી રહ્યા છે? ચાલો આપણે કેટલાક સુરતીઓને મળીને તેમણે લાઈફ સ્ટાઈલમાં અત્યારે શું ચેન્જીસ કર્યા છે તેના વિશે જાણીએ...**






### દીકરીના લગ્ન માટે દર વર્ષે થોડું થોડું સોનું લઈએ છીએ, આ વર્ષે તેના પર બ્રેક મારી

‘‘મને પોલિટિક્સમાં ઝાઝી સમજ નથી પડતી પણ હું માનું છું કે સરકાર જે કરે છે તેમાં પ્રજાનું હિત સમાયેલું હોય છે.’’ આ શબ્દો છે રુઘનાથપુરામાં રહેતાં 47 વર્ષીય વર્ષાબેન પ્રજાપતિના. તેઓ હાઉસવાઈફ છે. તેમણે જણાવ્યું કે, ‘‘અત્યારની વૈશ્વિક સ્થિતિને જોતાં અમે પણ અમારી લાઈફ સ્ટાઇલમાં પરિવર્તન લાવ્યાં છીએ. ગેસ બચાવવા હવે અમે દૂધ ગરમ કરવું હોય તો ઢાંકીને દૂધ ગરમ કરીએ. પહેલાં શાકભાજી લાવવી હોય કે દૂધ તો એક્ટિવા પર જતાં પણ હવે ચાલીને જઈએ એટલે પેટ્રોલનો વપરાશ ઓછો થાય અને પૈસાની બચત પણ થાય. મારા ફાધર ઇન લો તો સાઈકલ પર જ ઘરનું અનાજ, કરિયાણું લઈ આવે. અમે હસબન્ડ- વાઈફ અમારાં બાળકોને પણ સાઈકલનો વધારે યુઝ કરવા સમજાવીએ છીએ. ખાદ્યતેલનો કરકસરપૂર્વકનો ઉપયોગ સ્વાસ્થ્ય સારું રાખે છે. દીકરી અત્યારે 21 વર્ષની છે. તેના લગ્ન માટે અમે દર વર્ષે થોડું થોડું સોનું ખરીદીએ છીએ. સોનાની લગડીમાં પૈસા ઇન્વેસ્ટ કરીએ છીએ પણ આ વખતે અમે સોનું નથી ખરીદવાના. અમે પ્રવાસ કરવાનું પણ પોસ્ટપોન્ડ કર્યું છે. અમે સૌરાષ્ટ્રમાં દ્વારકા અને બીજાં સ્થળો પર ફરવા જવાનો પ્લાન કેન્સલ કર્યો છે.’’


વર્ષાબેન પ્રજાપતિ


### અમેરિકા જવાનું પોસ્ટપોન્ડ રાખ્યું, શહેરથી બહાર જવા કાર યુઝ કરું


ગણપત ધામેલીયા

44 વર્ષીય ગણપતભાઈ ધામેલીયાનું કહેવું છે કે, ‘‘આ વખતે મારા કુટુંબમાં મેરેજનો કોઈ પ્રસંગ નથી એટલે ગોલ્ડ જવેલરી અમે ખરીદવાના નથી, જો પ્રસંગ હોત તો સોનાનાં જૂનાં ઘરેણાંમાંથી નવી ડિઝાઇનનાં ઘરેણાં બનાવ્યાં હોત પણ આ વખતે નવી જવેલરી નથી ખરીદવાના.’’ મોટા વરાછા વિસ્તારમાં રહેતાં અને વ્યવસાયે IT (ઇન્ફોર્મેશન ટેકનોલોજી) પ્રોફેશનલ ગણપત ધામેલીયાએ જણાવ્યું કે, ‘‘અમારા ઘરમાં ગેસ સિલિન્ડર યુઝ નથી થતો પણ ગેસ લાઇન છે. જો કે ગેસ બચાવવાના પ્રયાસો અમારા ઘરમાં પણ થાય છે. અમે ઇલેક્ટ્રિક સગડી- ઈંડક્શન યુઝ કરવાનું શરૂ કર્યું છે. ખાવાનું તેલ ઓછું યુઝ થાય તે માટે ઓવનમાં નજીવી માત્રામાં તેલ યુઝ કરી પાપડ, વેફર્સ તળી લઈએ. ઉપરાંત સીંગદાણા પણ ઓવનમાં જ શેકીએ છીએ. મારી ડીઝલ કાર છે તો ડીઝલ બચાવવા પણ પ્રયાસ કરીએ છીએ. અત્યારે પેટ્રોલ- ડીઝલના ભાવ વધ્યા છે એટલે હવે હું નજીકમાં કશે જવું હોય તો મારા મિત્રનું EV (ઇલેક્ટ્રિક વ્હિકલ) યુઝ કરું છું. કાર અત્યારે માત્ર શહેરની બહાર જવાનું થાય ત્યારે જ ચલાવું છું. આ વખતે અમેરિકા જવાનો પ્લાન હતો પણ પ્રધાનમંત્રીના દેશજોગ સંદેશમાં વિદેશપ્રવાસ નહીં ખેડવા જે અપીલ કરાઈ છે તેને અનુલક્ષીને વિદેશને બદલે નજીકની ટુર ગોઠવી છે. હું અત્યારે જ પાલઘર સાઈડ વેકેશન ગાળવા આવ્યો છું. આ બધી બાબતો કાંઈ ખોટી નથી એના ઘણા ફાયદા મળી રહ્યા છે. જો કે આ પેટ્રોલ, ડીઝલ પર નિયંત્રણ, સોનું અત્યારે નહીં ખરીદો, એક વર્ષ વિદેશ જવાનું ટાળો આ બધું આવ્યું ત્યારે પહેલા મને પણ ફીલ થયું હતું કે આવું ચૂંટણી પછી કેમ? પણ પછી મેં વિચાર્યું કે, દેશની, વર્લ્ડની અત્યારની પરિસ્થિતિ જોઈને પછી નિર્ણય લેવાયા હશે. સરકાર આવું પરિસ્થિતિની સમીક્ષા પછી જ કરતી હોય એટલે આપણે પણ આપણાથી થઈ શકે તેટલું કરી દેશ માટે થોડુંક યોગદાન આપીએ.’’

### દર વર્ષે વેકેશનમાં ફોરેન ટ્રીપ કરીએ પણ આ વખતે પોસ્ટપોન્ડ કરી

‘‘હું તો કોરોનાકાળથી વર્ક ફ્રોમ હોમ જ કરું છું. આનાથી તમારો ઓફિસ આવવાજવાનો સમય બચે, પેટ્રોલનો ખર્ચો બચે છે.’’ કાંઈક આ રીતે વાતની શરૂઆત 37 વર્ષીય મિત્તલબેન ટેલરે કરી. તેઓ પાર્લેપોઇન્ટ વિસ્તારમાં રહે છે અને ડિજિટલ માર્કેટિંગનું કામ વર્ક ફ્રોમ હોમ કરે છે. તેમણે જણાવ્યું કે, ‘‘મારા ઘરમાં ગેસનો વપરાશ ઓછો થાય એ રીતનું જ ભોજન બને છે. અમે દાળ-ભાત, શાક-રોટલી એવું ફુલ જમવાનું નહીં બનાવીએ પણ હાફ જમવાનું હોય. જેમ કે, દાળભાત બનાવીએ તો રોટલીશાક નહીં બનાવીએ, ખીચડી-કઢી પણ બનાવીએ તો રોટલી શાક નહીં બનાવીએ. રોટલી-શાક બનાવીએ તો દાળ-ભાત નહીં બને. સલાડનો ઉપયોગ કરીએ. મારી પાસે ટુ વ્હિલર છે પણ જો કશેક થોડા અંતરે જ જવાનું હોય તો હું ચાલીને જાઉં અથવા તો પછી પબ્લિક ટ્રાન્સપોર્ટેશન જેમ કે BRTS બસનો ઉપયોગ કરું. મારા હસબન્ડ યુસુફ ટેલર એમની કારમાં ઓફિસ જાય પણ વડા પ્રધાનના પેટ્રોલ-ડીઝલ બચાવવાના મેસેજ પછી તેઓને કશે શોર્ટ ડિસ્ટન્સમાં જવાનું હોય તો તેઓ પણ વોકિંગ કરી લે અથવા મારું ટુ વ્હિલર યુઝ કરે. કાર માત્ર ઓફિસ જવાઆવવા માટે યુઝ કરે. અમે ખાવામાં સીંગતેલ યુઝ કરીએ છીએ જેમાં અત્યારે કાપ મૂક્યો છે. જમવાનું બનાવવામાં તેલનો ઓછો ઉપયોગ કરવા લાગ્યા છીએ. સમોસા અને બીજી તેલવાળી વસ્તુઓ ખાવાનું બંધ કર્યું છે. મારા દીકરાની સ્કૂલમાં સમર વેકેશન શરૂ થાય એટલે અમે દર વર્ષે ફોરેનની એક ટ્રીપ કરીએ. ગયા વર્ષે અમે દુબઈ ગયાં હતાં તો આ વખતે બાલી જવાનાં હતાં પણ વર્લ્ડમાં જે ક્રાઇસીસ ચાલે છે અને આપણા પ્રધાનમંત્રીએ પણ બિનજરૂરી ફોરેન ટ્રીપ ના કરવા જે દેશવાસીઓને મેસેજ આપ્યો હતો તેને ધ્યાનમાં રાખીને અમે આ વખતે વેકેશનમાં ફોરેન ટ્રીપ નથી કરવાનાં. હું આમ તો દર વર્ષે ગોલ્ડમાં ઇન્વેસ્ટ કરું છું પણ છેલ્લાં બે વર્ષથી હું ગોલ્ડમાં ઇન્વેસ્ટ કરવાને બદલે પૈસા બચાવું છું. સોનું તો શું છે કે તેના ભાવમાં વધઘટ થતી રહે છે એટલે સોનામાં ઇન્વેસ્ટ કરવાને બદલે પૈસા બચાવવા તરફ વળી છું. ક્યારેક એવું મનમાં થાય કે, વર્લ્ડમાં ક્રાઇસીસ તો ઘણા સમયથી છે. પેટ્રોલ બચાવવા, સોનું નહીં ખરીદવા, વિદેશપ્રવાસ ટાળવા આ બધું પહેલાં જ થવું જોઈતું હતું. જો કે આ બધું કરવાથી આપણને બેનિફિટ તો છે જ. પેટ્રોલ, ડીઝલ ઓછું વપરાયું તો પર્યાવરણનું જતન થઈ શકે છે. આવા નાના નાના બદલાવથી પૈસાની બચત થાય, આપણાં સંસાધનોનો બિનજરૂરી વેડફાટ અટકશે અને આપણા નાના યોગદાનથી દેશ મજબૂત બનશે.’’


મિત્તલ ટેલર

### EV કાર લેવાનો પ્લાન કર્યો છે, કોઈ બીજા કારણથી વિદેશ પ્રવાસ ટાળ્યો છે


ડૉ. પૂર્વી પટેલ

‘‘મને દુનિયાની અલગ અલગ જગ્યાઓ એક્સસ્પલોર કરવાનું ગમે છે. હું મહેનત કરીને સારું કમાઉં છું તો એ પૈસા હું મારા આ શોખ માટે ખર્ચ કરું છું.’’ આ શબ્દો છે 42 વર્ષીય ડો. પૂર્વી પટેલના. તેઓ ગાયનેક છે અને તેમની હોસ્પિટલ મોરાભાગળ વિસ્તારમાં સ્થિત છે. ડો. પૂર્વીએ જણાવ્યું કે, ‘‘હું મારા ફેમિલી સાથે સિંગાપોર, હોંગકોંગ, મકાઉ, થાઈલેન્ડ, દુબાઈ, જાપાન અને અન્ય કન્ટ્રીઝમાં ફરી છું. આ વખતે જ અમે વિદેશ પ્રવાસ નથી કરવાના. એનું કારણ એ છે કે, આ વખતે અમે એડવેન્ચર ટ્રીપ કરવાની હોવાથી ફોરેન કન્ટ્રી ફરવાને બદલે લેહ-લદાખ રોડ ટ્રીપ પર જવાના છીએ. દરેકની બકેટ લિસ્ટ હોય કે મારે લાઈફમાં ક્યાં ક્યાં ફરવું છે. મારી બકેટ લિસ્ટમાં લેહ-લદાખનો સમાવેશ થાય છે. હું ડોકટર છું મારે તો ઇમરજન્સી કેસ હેન્ડલ કરવા કારમાં જવું જ પડે એમાં તો પછી નિયંત્રણ કઈ રીતે થઈ શકે? હા, અમે આ વખતે EV કાર ખરીદવાનું નક્કી કર્યું છે એટલે પેટ્રોલ ડીઝલની વાત જ નહીં આવે. આપણા દેશના પ્રધાનમંત્રીએ ગોલ્ડ નહીં ખરીદવા માટેની અપીલ કરી છે પણ એમની અપીલના થોડાક દિવસો પહેલાં જ મારા કઝીનના લગ્ન પ્રસંગે મેં ગોલ્ડ જવેલરીનું શોપિંગ કરી લીધું હતું. હું ડોકટર છું એટલે હું હેલ્થ કોન્સિયસ હોવાની જ. મારા ફેમિલીની ફૂડ લેવાની જે સ્ટાઈલ છે એમાં એડીબલ ઓઇલ ઓછું યુઝ થતું હોય. પહેલાથી જ અમે હેલ્થ કોન્સિયસ ફેમિલી છીએ. સબ્જીમાં પણ અમે મિનિમમ ઓઇલ યુઝ કરીએ. સલાડ વધારે ખાવાનું રાખીએ છીએ. માઈક્રોવેવમાં તેલ સ્પ્રિંકલ કરીને બેકડ કે ગ્રીલ્ડ ફૂડ બનાવીને ખાઈએ.’’

### સોનાચાંદીનાં જૂનાં ઘરેણાંમાંથી નવી ડિઝાઇનની જ્વેલરી બનાવી લીધી

પાલ અડાજણ વિસ્તારમાં રહેતાં 42 વર્ષીય સની જૈન સેલ્સ કોચ એન્ડ બિઝનેસ ટ્રેનર છે. તેમણે આવતા મહિને જૂનમાં જાપાન જવાનું હતું પણ હાલની દેશપરદેશની સ્થિતિને જોતાં જાપાન જવાનો પ્રોગ્રામ કેન્સલ કર્યો છે. તેમણે જણાવ્યું કે, ‘‘અમારા ઘરમાં ગેસ પાઇપ લાઇન છે એટલે ગેસ સિલિન્ડરને લઈને જે સ્થિતિ થઈ હતી તેનો મને કોઈ અનુભવ નથી થયો. જો કે, દેશ માટે આપણે થોડું ઘણું કરી શકતા હોઈએ તો તે કરવું આપણી ફરજ છે એટલે અમે ગેસ ઓછો વપરાય તેવી રીતનું ફૂડ મેનુ સેટ કર્યું છે. હમણાં પેટ્રોલ ડીઝલના ભાવ વધ્યા તે પહેલાં મેં તો ભલે ને બે-ત્રણ દિવસ ચાલે પણ મારા ઘરમાં જેટલાં પણ વેહિકલ્સ છે તેમાં પેટ્રોલ પુરાવી દીધું હતું. રહી વાત સોના- ચાંદીનાં ઘરેણાંની તો મારા પરિવારે સોના-ચાંદીનાં જૂનાં ઘરેણાંમાંથી નવી ડિઝાઇનનાં ઘરેણાં બનાવી દીધાં છે એટલે હવે તો અમે સોનાચાંદીનાં ઘરેણાં નથી ખરીદવાનાં. હું જાપાન જૂનમાં જવાનો હતો પણ દેશજોગ અપીલ બાદ મેં જાપાન જવાનો પ્રોગ્રામ પાછળ ઠેલવી દીધો છે. અમે આખો પરિવાર હવે મહારાષ્ટ્ર અને હિમાચલ પ્રદેશ સમર વેકેશનમાં સમય વિતાવવા જવાના છીએ. સરકાર જે નક્કી કરતી હોય ત્યારે એવું લાગે કે આવું સરકાર હમણાં કેમ કરતી હોય છે પણ પછી આપણે પણ એ રીતે ચાલવા કોશિશ કરીએ જ છીએ. દેશ માટે નાગરિકોની જે ફરજ હોય તે આપણે પણ નિભાવવી જોઈએ અને નિભાવવી પડે પણ છે.’’


સની જૈન

### ઘરના બેકયાર્ડમાં ઈંટનો ચૂલો બનાવ્યો, આ વખતે ગોલ્ડની ગિફ્ટનું પોસ્ટપોન્ડ રાખ્યું

મંજુ સુરતવાળા અને તેમના હસબન્ડ સંકેતભાઈ દેશની અત્યારની સ્થિતિને જોતાં તેમની લાઈફસ્ટાઇલમાં ઘણું પરિવર્તન લાવ્યાં છે. ગેસ સિલિન્ડરનો ઓછો ઉપયોગ થાય એ માટે સવારે ગરમ નાસ્તાને બદલે હવે સ્પ્રાઉટ, જ્યુસ લેવાનું સ્ટાર્ટ કર્યું છે. સાંજની રસોઈ ચૂલા પર બનાવવા લાગ્યા છે. નરથાણમાં રહેતાં 30 વર્ષીય મંજુબેને કઈ રીતે લાઈફસ્ટાઇલ ચેન્જ કરી છે તેના વિશે વિસ્તૃતમાં વાત કરતા જણાવ્યું કે, ‘‘અત્યારે તો એડીબલ ઓઇલ પણ ઓછું યુઝ કરવા અપીલ કરાઈ છે એટલે અમે તો હવે ઇદડા અને લોચા પર ઓઇલ નાખવાનું બંધ કર્યું છે. સ્પ્રાઉટ, સલાડ, ફ્રૂટ્સ અને જ્યુસ આ અમારો સવારનો નાસ્તો હોય છે. અમારા બેકયાર્ડમાં મેં ઈંટનો ચૂલો બનાવ્યો છે. સાંજે વાતાવરણમાં ઠંડક થાય ત્યારે હું ચૂલા પર શાક અને દાળ બનાવું. જો કે રોટલી ગેસ પર જ બનાવું છું. દર વર્ષે જૂનમાં અમારી મેરેજ એનિવર્સરી પર મારા મધર ઇન લો મને ગોલ્ડની જવેલરી ગિફ્ટમાં આપતાં હોય છે. ગયા વર્ષે સોનાનાં એરિંગ્સ આપ્યાં હતાં તો એની પહેલાંના વર્ષમાં સોનાની બેંગલ્સ આપી હતી. જો કે, આ વખતે મેં મારા મધર ઇન લોને સોનાની ગિફ્ટ પોસ્ટપોન્ડ કરવા કહ્યું છે. અમારી નાની દીકરી છે અમે નરથાણમાં રહીએ છીએ ત્યાં એક ક્લબ છે. અમે અઠવાડિયામાં બે વખત દીકરીને કારમાં ત્યાં લઈ જઈએ. હવે જ્યારે પેટ્રોલ- ડીઝલના ભાવ વધ્યા છે તો તેને બચાવવા હવે અમે ક્લબમાં કારમાં નથી જતાં પણ ચાલીને જઈએ છીએ. હા, લોકોની જેમ અમારા પરિવારમાં પણ ચર્ચા થતી હોય છે કે, પેટ્રોલ, ડીઝલ બચાવવાની, વિદેશપ્રવાસ નહીં કરવા જે અપીલ કરાઈ છે એ ચૂંટણી પછી કેમ? પણ અમે તો માનીએ છીએ કે,આવી અપીલથી આપણને પર્સનલી તો બેનીફિટ જ મળી રહ્યો છે ને! પેટ્રોલ, ડીઝલનો ઓછો વપરાશ કરીને આપણે ચાલવાનું પ્રિફર કરીશું તો આપણને હેલ્થ બેનિફિટ મળશે જ ને! ખાવાનું તેલ ઓછું યુઝ કરીશું તો એનાથી પણ આપણને હેલ્થ બેનિફિટ મળવાનો છે. મારું અને મારા હસબન્ડનું માઇન્ડ સેટ તો ઇકોનોમિકલ લાઈફ સ્ટાઇલ અપનાવવા માટેનું જ છે. લોકલ ફોર વોકલમાં અમે પણ માનીએ છીએ અને મોટા મોલ કરતાં નાના નાના વેન્ડર પાસેથી જ વસ્તુઓ ખરીદીએ છીએ. દેશની જનતાને અત્યારે જે અનુરોધ સરકારે કર્યા છે તો એની પાછળ કોઈ ને કોઈ રીઝન તો હોય જ છે. જો તમે લાઈફ સ્ટાઇલ ઇકોનોમિકલ કરશો તો તે દેશ માટે આપેલું યોગદાન જ ગણાશે. મારા હસબન્ડ પહેલાં અઠવાલાઇન્સ પરની એમની દુકાને કારમાં જતાં હવે બાઇક પર જવા લાગ્યા છે. આમાં તો અમને આર્થિક બચત દેખાઈ રહી છે.’’


મંજુ સુરતવાળા



**મોંઘવારીનો માર એટલો છે કે સરકાર કરકસર કરવા અપીલ કરે તે પહેલાં જ ઘણાં સુરતીઓએ પોતાના મંથલી બજેટમાં કાપ મૂકવાનું શરૂ કર્યું જ છે. પહેલાં લોકો સાંજે ઓફિસથી આવ્યા બાદ ડિનર પતાવ્યા બાદ પતિ-પત્ની અને તેમનાં નાનાં બાળકો કારમાં કે ટુ વ્હીલર પર સિટીમાં આંટો મારવા નીકળી પડતાં. આ રીતે પરિવાર સાથે ટાઈમ પણ સ્પેન્ડ થાય અને મન મોકળું પણ થાય. જો કે હવે પેટ્રોલ- ડીઝલ બચાવવા આ રીતે ફરવાનું ટાળીને સોસાયટીના આડોશપાડોશના લોકો સાથે સોસાયટીના ઓપન પ્લોટ કે પછી પાર્કિંગની જગ્યા પર જમાવડો કરી અલકમલક વાતો કરવાનો નવો ટ્રેન્ડ શરૂ કરી દીધો છે. આ રીતે આડોશપાડોશના લોકો સાથે વધારે પરિચય પણ કેળવાવા લાગ્યો છે. જો કે સુરતીઓ ખાવાના શોખીન છે એટલે તેઓ ભલે ઘરમાં કુકિંગ ગેસ કે કુકિંગ ઓઈલનો વપરાશ ઘટાડશે પણ બહાર જઈને લોચો, ખમણનો ટેસ્ટ તો લેશે જ એમાં કોઈ બેમત નથી. જે લોકો પૈસે ટકે ઘણાં સુખી છે તેઓ પોતાની લાઈફ સ્ટાઈલમાં થોડા ઘણાં ચેન્જિસ કરશે. ઝાઝા ચેન્જિસ નહીં કરે.**